# શહેરમાં મોસમની સૌથી વધુ ઠંડી

## નગરમાં કોલ્ડવેવના કહેરથી જનજીવન સુન્ન : ગાંધીનગર ઠંડીમાં ઠુંઠવાયુ સિઝનની રેકર્ડ બ્રેક ૬.૪ ડિગ્રી : સતત ઠંડીના લીધે જનજીવન પર ઘેરી અસર : જન આરોગ્ય પ્રભાવિત : શહેરમાં સુનકાર

ગાંધીનગર તા ૯

ગાંધીનગરમાં કાતિલ ઠંડીએ નગરનુ જનજીવન સુન્ન કરી દીધુ છે. ગઈકાલે ઠંડીએ આકરા મિજાજનો પરચો આપ્યા બાદ આજે ઠંડીનો પારો વધુ બે ડીગ્રી ગગડીને ૬.૪ ડિગ્રી પહોચી જતા સિઝનની રેકર્ડ બ્રેક ઠંડી નોંધાઈ હતી. ગઈકાલે રાત્રે પણ આક્રમક કોલ્ડવેવ વચ્ચે નગરજનો થીજી ગયા હતા. જયારે આજે પણ સુસવાટા મારતા બરફિલા પવન વચ્ચે નગરને સવારથી જ ઠંડીએ ગિરફતમાં લીધુ હતુ. ગઈકાલની સાપેક્ષમાં આજે ઠંડીનુ જોર વધતા સમગ્ર રાજયમાં ગાંધીનગર ફરી એકવાર ઠંડાગાર શહેર તરીકે ઉભરી આવ્યુ હતુ. કાતિલ ઠંડીના લીધે નગરજનોના આરોગ્ય પર વિપરિત અસર વર્તાઈ રહી છે.શહેરીજનો કામ સિવાય ઘરની બહાર નિકળવાનુ ટાળી રહ્યા છે.જેના લીધે નગરના માર્ગો પર રાત્રનિા સમયે સન્નાટો જોવા મળી રહ્યો છે. લગ્નસરાની મોસમ પણ ઠંડીની સાથે નિખરી છે. પરંતુ હાડ થીજાવતી ઠંડીના લીધે લગ્નમંડપોમાં જવાનો ઉત્સાહ પણ ઓસરી ગયો છે.

હરિયાળા ગાંધીનગરમાં કાતિલ કોલ્ડવેવના આક્રમણથી નગરજનો ઠુંઠવાઈ રહ્યા છે. છેલ્લા ત્રણ દિવસથી ઠંડીનો પારો સતત ઉંચે જતા શહેરીજનો કોલ્ડવેવથી પ્રભાવિત છે.

● અનુસંધાન પાન-૭ પર



# ગાંધીનગર-ભાવનગર વચ્ચે આજથી ટ્રેઈન સેવા શરૂ થશે

## સવારે ૮ : ૧૫ કલાકે ભાવનગરથી ઉપડી ગાંધીનગર પહોંચશે સાંજે આ જ ટ્રેઇન ભાવનગર પરત જશે

ગાંધીનગર તા ૯

ગાંધીનગર ભાવનગર વચ્ચે આજથી ટ્રેઈન સેવા શરૂ કરાશે. સવારે ૮ : ૧૫ કલાકે આ ટ્રેઈન ઉપડીને બપોરે ૨ : ૩૫ કલાકે ગાંધીનગર પહોંચશે. જયારે સાંજે આ ટ્રેઈન પરત ભાવનગર પહોંચશે. ગાંધીનગર ભાવનગર વચ્ચે ટ્રેઈન સેવા શરૂ કરવામાં આવતા સ્થાનિક મુસાફરોને વિશેષ લાભ મળશે. જયારે ગાંધીનગર ભાવનગર તેમજ સુરેન્દ્રનગર જતા યાત્રિકોની સંખ્યા પણ વિશેષ હોય છે. ત્યારે ટ્રેઈન સેવા માટે તેમણે અમદાવાદ સુધી લાંબા થવુ નહીં પડે . નવી ટ્રેઈન સેવાનુ સ્વાગત કરવા માટે શહેર વસાહત મહામંડળના પદાધિકારીઓ આજે કેપિટલ સ્ટેશન જશે.

ગાંધીનગર કેપિટલ સ્ટેશન વર્ષ ૧૯૭૬ દરમિયાન ટ્રેઈન સુવિધા સાથે જોડાયુ હતુ. જયારે ત્યારબાદ તબક્કાવાર ટ્રેઈન સુવિધાઓ વધી હતી. જયારે આ મામલે શહેર વસાહત મહામંડળ દ્વારા ૬ હજાર જેટલા પત્રો તેમજ ૩૦૦ વાર રજુઆત રેલવે તંત્રને કરવામાં આવી છે. જયારે આ રજુઆતોના અંતે ટ્રેઈન સુવિધાઓ ધીમે ધીમે વધી રહી છે. તા ૧૦ ફેબ્રુઆરીથી ગાંધીનગરને વધુ એક ટ્રેઈન મળી છે. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચના જણાંવ્યા મુજબ આ ટ્રેઈન સવાર ૮ :૨૫ થી ભાવનગરથી ઉપડી બપોરે ૨ કલાકે ગાંધીનગર પહોંચશે. જયારે આ જ ટ્રેઈન ગાંધીનગરથી ઉપડીને રાત્રિના ૧૧ : ૨૫ કલાકે ભાવનગર પહોંચશે. ગાંધીનગર ભાવનગર વચ્ચે ટ્રેઈન સેવા શરૂ થતા નગરજનોમાં હર્ષની લાગણી વ્યાપી છે. ગાંધીનગરથી ભાવનગર તેમજ ભાવનગરથી ગાંધીનગર આવતા મુસાફરોની

● અનુસંધાન પાન-૭ પર

# સે. ૨૧માં ૫૬ વર્ષીય આધેડને સ્વાઈન ફલુ પોઝીટીવ આવ્યો

ગાંધીનગર, તા. ૯

શહેરના સે. ૨૧માંથી આજે સ્વાઈન ફલુનો કેસ મળતાં તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે. આ સાથે શહેરમાં કેસોની સંખ્યા વધીને ૧૦ પર પહોંચી છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૨૧માંથી એક ૫૬ વર્ષીય પુરૂષને આજે પરીક્ષણ દરમ્યાન સ્વાઈન ફલુ પોઝીટીવ જણાયેલ છે. આ દર્દીને હાલ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. જ્યાં દર્દીની હાલત સ્થિર હોવાનુ જાણવા મળેલ છે.

સે. ૨૧ એ અત્યંત ભીડ ધરાવતો વિસ્તાર છે અને તેથી તંત્રની ચિંતામાં વધારો થયો છે. શહેરમાં કેસો છુટા છવાયા મળી રહ્યા છે. આ વખતે નોંધાયેલા ૧૦માંથી ૮ કેસ પચાસથી વધુ વય ધરાવતા હોવાનુ નોંધાયુ છે.

ઠંડીનો વધતો જતો કહેર પણ આ રોગના ફેલાવા માટે અત્યંત સાનુકૂળ છે. તંત્ર દ્વારા શહેરના વિવિધ માર્ગો પર સ્વાઈન ફલુથી બચવાના પગલાં અને તાત્કાલિક સારવાર લેવામાં આવે તેવા બોર્ડ પણ લગાવવામાં આવી રહ્યા છે.

રાજ્યમાં સ્વાઈન ફલુનો કાળોકેર આજે યથાવતરીતે જારી રહ્યો હતો. સ્વાઈન ફલુના કારણે આજે એક જ દિવસમાં વધુ ૧૧ લોકોના મોત થતાં ખળભળાટ મચી ગયો હતો. અન્ય નવા કેસો પણ સપાટી ઉપર આવ્યા છે. ૧૧ લોકોના મોત થતાંની સાથે જ સત્તાવારરીતે મોતનો આંકડો વધીને ૬૨ ઉપર પહોંચ્યો હતો પરંતુ બિનસત્તાવારરીતે મોતનો આંકડ વધીને ૭૦ ઉપર પહોંચી ગયો હતો.

## છેલ્લે.. છેલ્લે..

● અમદાવાદ પાલડી સ્થિત વિશ્વહિન્દુ પરિષદના કાર્યાલય વણીકરભવન માટે એએચપી અને વીએચપી સામસામે આવી ગયા હતા. વણીકરભવનનો કબજો લેવા માટે બન્ને પક્ષો કોર્ટે ચડ્યા છે.

● ગુર્જર આંદોલનને કારણે ભરૂચના સાંસદ મનસુખ વસાવા ટ્રેનમાં અટવાયા. ચાર ટ્રેન રદ કરાઈ છે, જ્યારે સાતના રૂટ બદલાયા છે.

● પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય ખાતે ચૂંટણીનો ધમધમાટ જોવા મળે છે. કેમ્પેઈન કમીટી અને ચૂંટણી ઢંઢેરા સમિતિની મહત્વની બેઠકો યોજાઈ હતી.

● પ્રિયંકા ગાંધી આગામી પખવાડીયામાં ગુજરાતના પ્રવાસે આવી રહ્યાં છે.

● ભાજપમાં તાજેતરમાં જોડાયેલા આશા પટેલે જણાવ્યું હતું કે કોંગ્રેસમાં ૨૫થી વધુ ધારાસભ્યોને અસંતોષ છે.

● જાણીતા યોગગુરૂ બાબા રામદેવજીએ નડીયાદ ખાતે ચાલી રહેલ મોરારીબાપુની રામકથામાં હાજરી આપી હતી.

● રાજકોટ ફાસ્ટટ્રેક કોર્ટમાં છુટા હાથની મારામારી થઈ હતી. મુદત લેવાની બાબતમાં બે પક્ષકારો વચ્ચે બોલાચાલી મારામારીમાં પરણમી હતી.

● અમદાવાદ ચાંડલોડીયાની પ્રાથમિક શાળામાં અચાનક આગ લાગતા ફાયરબ્રિગેડ ઘટનાસ્થળે પહોંચી હતી અને અડધો કલાકમાં આગ ઉપર કાબુ મેળવ્યો હતો.

● પ્રસિદ્ધ સંતશ્રી મોરારીબાપુની ૨૩મીથી અમદાવાદ જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડ ખાતે આરંભાશે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની સાર્ધ શતાબ્દી તથા નવજીવનની શતાબ્દી નિમિત્તે પૂ. કસ્તુરબાના સ્મરણમાં કથાનું આયોજન કરાયું છે.


## ચતુર્થ પૂણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ



**સ્વ. ઈન્દીરા આર. શાહ**

સ્વર્ગવાસ તા. ૧૦/૨/૨૦૧૫

તમારા મિલનસાર સ્વભાવ તથા હસતા ચહેરાને લીધે, જીવન છોડી ગયા છતાં જીવતા હોવાનો ભાસ છે. જીવન એવું જીવી ગયા કે ક્યારેય ભૂલાય નહીં. અમારા જીવનમાં જે સુંદર છે તે બધુ તમારા પ્રતાપે છે.

**પરમાત્મા આપના આત્માને સદાય શાંતિ આપે એ જ પ્રાર્થના...**

**રમણભાઈ એચ. શાહ પરિવાર**

૪૫, આનંદનગર, સેક્ટર-૨૭, ગાંધીનગર


## જાહેરાત

ગાંધીનગર જીલ્લા સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત આત્મહત્યા નિવારણ માટેની ટેલી કાઉન્સેલીંગ હેલ્પલાઈન **'જીવન આસ્થા'** હેઠળ કામગીરી કરવા માટે **સીનીયર સાઉન્સીલરની-૧ જગ્યા** તથા **કાઉન્સીલરની-૩ ખાલી જગ્યા** ભરવા માટે જાહેરાત આપવામાં આવે છે. જેની શૈક્ષણિક લાયકાત, વેતન તથા અન્ય માહિતી તેમજ અરજી ફોર્મ www.spgandhinagar.gujarat.gov.in વેબસાઈટ પરથી ડાઉનલોડ કરવા અથવા પોલીસ અધિક્ષકશ્રીની કચેરીથી રૂબરૂ મેળવી લેવા તેમજ અરજી પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગરની કચેરીમાં રૂબરૂ અથવા રજીસ્ટર પોસ્ટથી તા. ૨૨/૨/૨૦૧૯ સુધીમાં આપવાની રહેશે.

**તારીખ : ૭/૨/૨૦૧૯** **પોલીસ અધિક્ષક ગાંધીનગર**

# બેસણું



**અમારા મોટા ભાઈ(પિતા) શ્રી રજનીભાઈ સોમાભાઈ બારોટનું દુઃખદ અવસાન તારીખ : ૬-૨-૨૦૧૯ ને બુધવાર ના રોજ થયેલ છે.**

**સદગતનું બેસણું તારીખ : ૧૧-૨-૨૦૧૯ ને સોમવારે સવારે ૯ થી બપોરે ૧૨ દરમિયાન ઈન્ફોસિટી કલબ એન્ડ રિસોર્ટ, ગાંધીનગર ખાતે રાખવામાં આવ્યું છે.**

**લિ.**

**સ્વ. સોમાભાઈ બાપાલાલ બારોટ**

| | |
|---|---|
| યશવંતભાઈ સોમાભાઈ બારોટ | નિકુંજભાઈ રજનીભાઈ બારોટ |
| દિલીપભાઈ સોમાભાઈ બારોટ | રશ્મીનભાઈ રજનીભાઈ બારોટ |
| સ્વ. હિતેન્દ્ર સોમાભાઈ બારોટ | વૈભવ યશવંતભાઈ બારોટ |
| સુવાસ હિતેન્દ્ર બારોટ | પાર્થ યશવંતભાઈ બારોટ |
| ધર્મેશભાઈ મહેશભાઈ બારોટ (જમાઈ) | સોનલબેન ધર્મેશભાઈ બારોટ (પુત્રી) |
| જીગ્નેશભાઈ રાજુભાઈ બારોટ (જમાઈ) | મોનિકાબેન જીગ્નેશભાઈ બારોટ (પુત્રી) |

**ઈન્ફોસિટી પરિવાર**

**તા.ક. : જાહેરાતને પત્ર મલ્યા તુલ્ય ગણવા વિનંતી.**

**સુંવાળા તારીખ : ૧૧-૨-૨૦૧૯**


**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

BRIDGESTONE

apollo go the distance

એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા

CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ** ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality · KisaN ® · ashirvad · BENELAVE™ · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com